‘કાઈપો છે..’ સાથે જેસીઆઈનો પતંગ જોરમાં શાળાનાં ભૂલકાઓની ઉતરાણ ભર દોરમાં

ગાંધીનગર, તા.૧૩

આવતીકાલે ગુજરાતનો રંગબિરંગી આકાશથી છવાયેલો મહાપર્વ મકરસંકાંતિ છે. આખું ગુજરાત કાલે ધાબે વસતું હોય એમ લાગશે અને આકાશમાં એક દિવસનાં મહેમાન એવા પતંગોથી વાદળા ઢંકાશે અને ‘કાઈપો છે’ ના નારાથી કલશોર થઈ ઉઠશે પણ આવો નાનાં ભૂલકાંઓનો કલશોર ગઈકાલે રવિવારે સે-૨૮ની પ્રાથમિક શાળાના પટાંગણમાં થઈ ગયો.

ગાંધીનગરમાં સમાજસેવાના કાર્યમાં ધમધમાટ કરતી જેસીઆઈ સંસ્થાએ પ્રોજેકટ ચેરમેન પ્રતિક જાનીની અધ્યક્ષતા હેઠળ ‘કાઈપો છે’ સાથે ઉતરાયણ ઉજવી. સે-૨૮ની બંને સરકારી પ્રાથમિક શાળાના, સે-૨૯ની સરકારી પ્રાથમિક શાળા અને સમર્પણ મુક બધિર શાળાના બાળકો કિલ્લોલ કરતાં ઉતરાયણ મનાવવા આવી પહોંચેલા. આ ઉતરાણ ઉજવવા ૨૦૦ કોડી પતંગ લાવેલાં અને ૨૦૦ ગણા ઉત્સાહથી છલોછલ જેસીઆઈની ટીમ હાજર હતી.

સરકારી પ્રાથમિક શાળાનાં બાળકોએ મસ્તીથી પતંગ ચગાવ્યા અને એમને તલસાંકળીથી મોઢું પણ મીઠું કરાવાયું. ડીજેની મસ્તી સાથે નાચ ગાન અને બુમાબુમ સાથે એકવાર તો રસ્તેથી પસાર થનારાઓ વિચારે ચઢયાં કે આજે તો ઉતરાણય નથી ને? અંતમાં સૌને પતંગની લહાણી પણ કરાઈ. આ પ્રસંગે ઝોન વાઈસ પ્રેસિડેન્ટ ભુવન રાવલ ખાસ પધારેલાં. જેસીઆઈની ટીમ લીડર પ્રતિક જાની અને વિશાલ પટેલનાં આ જોરદાર ઉત્સવની ઉજવણીમાં મહેશ પટેલ, પરાગી ગાંધી, વિરલ શાહ, સુજલ શાહ, અભય શાહ, નકુંજ શુકલા, વિનેશ ચૌહાણ, આશિષ ડુંગરાણી, દ્રોણ પંડયા, સંજય નાયી, કિર્તી ઠાકોર, ચિરાગ બગથરીયાએ પતંગ વહેંચણીથી લઈ ચિકી બિસ્કીટની લહાણીમાં મદદ કરી.

આ પ્રસંગે કલ્તપરૂ કંપનીના સેફ્ટિ હેડ વિંગ કમાન્ડર રાકેશ પરાશર અને ગાંધીનગર સમાચારનાં કટાર લેખક અને યુવા સાહિત્યકાર સંજય થોરાતે સમાજનાં આર્થિક રીતે મુશ્કેલીનો સામનો કરતાં બાળકો વચ્ચે ઉજવાયેલા પતંગોત્સવમાં હાજરી આપીને હાજર રહેલાં ૨૪૦ બાળકો અને જેસીઆઈની યુવા ઉપ સભ્યોની ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.

સમાપનનાંક્ષણે જયારે સરકારી પ્રાથમિક શાળાનાં આચાર્યા રબીયા એમ. દેસાઈને સ્મૃતિ ચિન્હ અર્પણ કરી બે શબ્દો માટે કીધું ત્યારે આ સરકારી શાળાના બાળકો માટેનાં આટલાં સુંદર કાર્યક્રમ બદલ ગદગદીત થઈ એમની આંખમાં અશ્રુઓનો મહાસાગર ઉમટયો હતો.

ચિલોડા ખાતે આમ આદમી પાર્ટીનું કાર્યાલય ખુલ્લુ મુકાયું

મૈ હું આમ આદમી - ભારતની રાજધાની દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો જવલંત વિજય બાદ દિનપ્રતિદિન હવે ગુજરાત રાજયમાં નિષ્પક્ષ અને બિન ભ્રષ્ટાચારયુક્ત સરકાર પ્રત્યે નાગરિકોનો અભિગમમાં પરિવર્તન થઈ રહ્યું છે. જેનો પડઘો હવે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધીમે ધીમે પગપેસારાના પગરવ મંડાઈ રહ્યા છે. પરિણામે યુવાવર્ગ હવે આપમેળે રાજકીય રંગના બદલાવમાં આમ-આદમી પાર્ટીમાં પ્રવેશવા થનગનાટ અનુભવી રહ્યો છે. ચિલોડા સર્કલ પાસે અક્ષર કોમ્પલેક્ષમાં આમ આદમી પાર્ટીનું કાર્યાલય ખોલવામાં આવ્યું છે. આ કાર્યાલય દ્વારા સભ્ય નોંધણીની કામગીરી અને સંપર્ક કાર્યવાહી ઝડપભેર થઈ રહી છે. ચિલોડા ખાતે આમ પાર્ટીનું સંચાલન ધવલ પટેલ અને દેવેન્દ્રભાઈ જાની તથા બાબુભાઈ મનસુરી દ્વારા સમગ્ર કાર્યવાહી સંભાળી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વાવોલ મસ્જીદ મદ્રેસા ટ્રસ્ટ રાજપૂત સમાજના સમુહ લગ્નોત્સવમાં સહભાગી થશે : એક લાખ દાન આપશે

મુસ્લિમ સમાજની ઈચ્છાને વિક્રમ ગોલે માન આપ્યું

ગાંધીનગર, તા. ૧૩

વાવોલ મસ્જીદ મદ્રેસા ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં મુસ્લિમ સમાજની મીટીંગ વિક્રમસિંહ ગોલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. ટ્રસ્ટની સામાન્ય સભામાં ઈદે-મિલાદની ઉજવણી સહિતની ચર્ચા અને રાજપૂત સમાજના યોજાનાર સમુહ લગ્નોત્સવમાં સહભાગી થઈ દાન આપવાની ચર્ચા કરવામાં આવી હતી.

રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલની અધ્યક્ષતામાં મળેલી સભામાં વાવોલ મુસ્લિમ સમાજ દ્વારા સમાજના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે મુસ્લિમ સમાજ રાજપૂત સમાજના થનાર આગામી સમુહલગ્નોત્સવમાં સહભાગી થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

મસ્જીદ મદ્રેસા ટ્રસ્ટના અગ્રણીઓએ વિક્રમસિંહ સમક્ષ પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને રાજપૂત સમાજ દ્વારા યોજાતા સમુહલગ્નના ભગીરથ કાર્યમાં મુસ્લિમ સમાજ ૧,૦૦,૦૦૦ (એકલાખ) રૂપિયા દાન આપવાની રજૂઆત કરી કોમી એકલાસનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે મુસ્લિમ સમાજના અગ્રણીઓ મહમદભાઈ શેખ, સલીમભાઈ માસ્તર, ઉમરશા દિવાન સહિત મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મકરસંકાંતિએ પુણ્ય કમાવા પીરસેલા લાડુ-લાપસીને લીલા ઘાસથી પ્રાણીઓ બિમાર ના પડે તે જોજો

ગાંધીનગર, તા. ૧૩

મકરસકાંતિનો તહેવાર એ દાન પુણ્ય કમાવાનો મહિમા ધરાવતો તહેવાર છે. ઉત્તરાયણ આવે એટલે તરત જ સેવાભાવી લોકો કૂતરા અને ગાયો જેવા પ્રાણીઓ માટે લીલુ ઘાસ, પૂળા તથા ધાન્યના લાડુ લાપસી વગેરે બનાવી પુણ્ય કમાવવા પ્રયત્નો આદરે છે. પરંતુ એક બે દિવસ માટે થતી આવી પ્રવૃત્તિથી પશુઓને થતી આડ અસરો આ લોકોની ધ્યાન બહાર રહી જાય છે.

મુંગા પશુ-પ્રાણી તથા પક્ષીઓને ધાન્ય ખવડાવી પૂણ્યનું પોટલું બાંધતા પહેલા ક્યાંક આપણે આ જીવોને હેરાન તો નથી કરી રહ્યા ને? કારણ કે એક જ દિવસે ગામના બધા લોકો લાડુ-લાપસી બનાવીને ખવડાવે એટલે પહેલા તો પ્રાણીઓ પુરૂ ખાઈ શકતા નથી જેથી વધેલું ધાન્ય ધૂળમાં વેડફાય છે અને ગંદકી થાય છે. કુતરા જેવા પ્રાણીઓ ક્યારેક જમીન ખોતરીને ખોરાક સંતાડતા હોય છે પરંતુ શહેરમાં આ શક્ય બનતું નથી. ગાયો વધુ પડતો લીલો ઘાસચારો જો એક સાથે ખાઈ જાય તો આફરો ચઢવાનો પ્રોબ્લેમ થઈ શકે છે. જેમાં તાત્કાલિક સારવાર ના મળે તો પશુનો જીવ પણ જઈ શકે છે. વધુ પડતા રોટલા કે લાડુ ખાવાથી કૂતરાને ઉલ્ટી પણ થઈ જાય છે.

કુદરતે બધા જ દિવસો એક સરખા બનાવ્યા હોવા છતાં એક જ દિવસે પુણ્ય કમાઈ લેવાની ઘેલછામાં ક્યારેક મુંગા જીવો તકલીફમાં મુકાઈ જાય છે. માટે એક જ દિવસે આવી પ્રવૃત્તિ મોટા પાયે કરવા કરતા અમુક દિવસે નાના નાના પાયે આવી પ્રવૃત્તિ કરતા રહેવું વધુ યોગ્ય નથી લાગતું? અહી કોઈની માન્યતાને ખંડિત કરવાનો આશય નથી પરંતુ પ્રાણી માત્ર પર પ્રમાણિક પણે દયાભાવ રાખીને પુણ્યકાર્ય કરવામાં આવે તો તે વધુ હિતકારક બની રહે છે. આ વિચારો ઉત્તરાયણ નિમિત્તે પ્રાણી માત્ર પરના દયાભાવથી સે.-૨-બીમાં રહેતા મહેન્દ્રભાઈ રાઠોડે વ્યક્ત કરતા નગરજનોને આ બાબતો ધ્યાનમાં રાખવા હાર્દિક અપીલ કરી છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે શહેરની ઝૂંડપટ્ટી વિસ્તારમાં રહેતા પરિવારના બાળકોને ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગનું વિતરણ કર્યું હતું. પતંગનું વિતરણમાં શહેર પ્રમુખ શ્રી મુકેશ પટેલ, સ્ટેન્ડીંગ કમિટિના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલ, કાઉન્સિલર પીન્કી પટેલ તથા યુવા કાર્યકર શ્રી રાકેશ જાની સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેકટર-૭, ગાંધીનગરના ધો-૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી વાઘેલા પિયૂષ કિશનભાઈ ૫૯મી નેશનલ સ્કૂલ ગેમ્સ વર્ષ ૨૦૧૩-૧૪, જીત-કુ-નેડો બોઈઝ અન્ડર-૧૭ ન્યુ દિલ્હી ખાતે તા. ૨-૧-૧૪ થી તા. ૮-૧-૧૪ દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવી સમગ્ર ગુજરાત ગાંધીનગર તેમજ શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્યશ્રી એસ.આર. જોષી તથા વ્યાયામ શિક્ષકો તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા.૧૩

રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર દ્વારા વિવિધ અભ્યાસક્રમ કરતા વિદ્યાર્થી વાંચકોને રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાએ અંગે સચોટ માર્ગદર્શન અને માહિતી મળી રહે તે માટે આ ક્ષેત્રના તજજ્ઞ ડૉ. કલ્યાણસિંહ ચંપાવતના એક પરિસંવાદનું આયોજન રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે તારીખ ૩૧-૧-૨૦૧૪ના રોજ બપોરે ૧૪-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ અંગેનું રજીસ્ટ્રેશન તારીખ ૧૫-૧-૨૦૧૪થી રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરમાં બપોરે ૧૧.૦૦ થી સાંજના ૪.૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે. વધુ માહિતી માટે કચેરીમાં રૂબરૂ અથવા કચેરીના ફોન નંબર ૨૩૨૫૨૩૫૮ ઉપર સંપર્ક કરવો.

મુસ્લિમ બિરાદરો ઈદે મિલાદ મનાવશે

ઈસ્લામ ધર્મના મહાન પયંગબર હઝરત મહમદ પયગંબર સાહેબના જન્મની યાદમાં ઈદે મિલાદ મનાવવામાં આવે છે ત્યારે આજે ઈદે મિલાદ હોવાથી મુસ્લિમ બિરાદરો દ્વારા જશ્ને ઈદે મિલાદ મનાવાશે.

ઈદે મિલાદ નિમિત્તે શહેરના સે-૨૧, ૨૯ અને પેથાપુર મુસ્લિમ વિસ્તારમાં બાલમુબારક જીયારત, ઝુલુસ ફેરવવામાં આવશે તેમજ તકરીરવાયઝ અને આમ ન્યાઝ તકસીમ કરવામાં આવશે. આ પ્રસંગે તમામ મુસ્લિમ બિરાદરોને હાજર રહેવા મુસ્લિમ અગ્રણી અને સામાજીક કાર્યકર બાબુભાઈ મનસુરી અને અનવરભાઈ જુનેજીએ જણાવ્યું છે.

ઓમકારેશ્વર મહાદેવ સે. ૪ ખાતે ચાલતી શિવ મહાપુરાણ કથાની પૂર્ણાહુતિ

ગાંધીનગર, તા. ૧૩

ધર્નુમાસમાં શહેરમાં અનેક જગ્યાએ શિવમહાપુરાણ કથાઓ યોજવામાં આવી હતી. શહેર આખુ ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયું હતું. ત્યારે શહેરના સેક્ટર-૪ના ઓમકારેશ્વર મહાદેવના પ્રાંગણમાં યોજાયેલ શિવ મહાપુરાણકથાની ભાવસભર પૂર્ણાહુતિ યોજાઈ હતી.

ઓમકારેશ્વર મહાદેવના પ્રાંગણમાં કનૈયાલાલજીની વ્યાસપીઠે તા. ૧ જાન્યુઆરીથી તા. ૯ જાન્યુઆરી દરમ્યાન શિવકથા યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શિવભક્તો ઉપસ્થિત રહી કથાનો લાભ લીધો હતો. જેની પૂર્ણાહુતિ તા. ૯ જાન્યુઆરીના રોજ કરવામાં આવી હતી. પૂર્ણાહુતિમાં સંતશ્રી વૈદેહિશરણજી મહારાજ, કૃષ્ણકાન્તભાઈ જ્હા, તંત્રીશ્રી ગાંધીનગર સમાચાર, કેશુભાઈ પટેલ સાહિત્ય સર્જક, અશ્વિનભાઈ જોષી, મા-બાપને ભૂલશો નહિ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોએ પોતાના વક્તવ્યો આપ્યા હતા અને જણાવ્યું હતું કે શિવકથાના ઉપદેશને પોતાના જીવનમાં ઉતારવું જોઈએ તોજ શિવકથા સાર્થક થઈ જણાશે. શિવકથા દરમ્યાન શહેરના અગ્રણીઓ અને વિવિધ મંડળીઓના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કલાકારો અનંતભાઈ જોષી, ગોવિંદ રાજા, સુલોચના વ્યાસ છાયાબેન પંડ્યા, લોકસાહિત્યકાર નરહરદાન ગઢવી અને શિવદાન ગઢવી હાજર રહી તેમણે આગવી શૈલીમાં માતાજી અને શિવજીનો મહિમાનુંગાન કર્યું હતું.

કથા દરમ્યાન શનિપ્રાગટ્ય, શિવ વિવાહ, ગણેશ પ્રાગટ્યોત્સવ, ગંગા અવતાર, હનુમાન પ્રાગટ્યોત્સવ, ધામધૂમપૂર્વક ઉજવવામાં વ્યા હતા. શહેરમાં મહિલા મંડળ દ્વારા ચાલતા ભજન મંડળો, આનંદના ગરબા મંડળના કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નિલકંઠ શાસ્ત્રીજી, જીતેન્દ્રાઈ ઠાકર, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, ચેરમેન આશિષભાઈ દવે, કોર્પોરેટર, મનુભાઈ પટેલ, હર્ષજીતભાઈ પંડ્યા, સુરેશભાઈ મહેતા, કાર્તિક પટેલ, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, હિમાંશુભાઈ પટેલ, પિનાકીન રાવલ, અશ્વિનભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ રાવલ, જિલ્લા ભાજપ પ્રમુખ નિતીનભાઈ પટેલ, ભાવનાબેન ગોકલાણી સહિત કોંગ્રેસ, ભાજપ અને આપ પાર્ટીના અગ્રણીઓ સહિત વિવિધ સંસ્થાના હોદ્દેદારો પૂર્ણાહુતિ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ચૌધરી કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો : સુરક્ષા માટે બે મહિલા કોન્સ્ટેબલને લીધા

ગાંધીનગર, તા.૧૩

ચૌધરી આર્ટસ કોલેજ સે-૭ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. પ્રવાસમાં કોલેજની ૧૦૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. ભારતના જોવા લાયક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મુંબઈ દર્શન, એસેલ વર્લ્ડ, મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, ખંડાલા, તીથલ, કબીરવડ જેવા તીર્થ સ્થાનોની મુલાકાત લીધી હતી. પ્રવાસમાં પ્રિન્સિપાલ ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, સોનલબેન મોદી સહિત સુરક્ષા વ્યવસ્થા માટે મહિલા પોલીસ કોન્સ્ટેબલ સાથે રાખવામાં આવ્યા હતા.

કડી સંલગ્ન કોલેજો શૈક્ષણિક પ્રવાસમાં જોડાઈ!!

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.એસ. પટેલ-કોલેજ, આર.એચ. પટેલ બી.એડ. કોલેજ અને વકીલ શ્રી ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ એજયુકેશનના વિદ્યાર્થીઓ જોડાયા હતા. પ્રવાસમાં રાજસ્થાનના જાણીતા સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. ઉદેપુર, સિટી પેલેસ, હલ્દી ઘાટી, શ્રીનાથજી અને કેસરિયાજી સહિત ધાર્મિક સ્થાનોની મુલાકાત લેવામાં આવી હતી. પ્રવાસમાં વિદ્યાર્થીઓ સહિત કર્મચારીગણ જોડાયો હતો. પ્રવાસથી વિદ્યાર્થીઓમાં અનેરી ઉર્જા આવી હતી.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં પતંગોત્સવ અને પાંચમો રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર પાસે આવેલા ચિલોડાની ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં સતત વિવિધ પ્રવૃત્તિઓથી ગત સમાહ વિદ્યાર્થીઓ માટે રસપ્રદ અને આનંદદાયી બની રહ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં શાળા રમતોત્સવ અને પતંગોત્સવ જેવા રોચક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલનો પાંચમો સ્પોર્ટસ ડે તા. ૧૦મી જાન્યુઆરીએ યોજાયો હતો. જેમાં પ્રારંભે પરેડ, પિરામિડ, કરાટે દાવ, સૂર્યનમસ્કાર અને યોગની ઝલક રજૂ કરાઈ હતી. આ રમતોત્સવમાં વિદ્યાર્થીઓને વિવિધ ચાર ગૃપમાં વહેંચીને સ્પર્ધાઓ યોજવામાં આવી હતી જેથી બાળકોએ આ રમતોત્સવનો આનંદ ઉઠાવ્યો હતો.

ઉત્તરાયણના પર્વને લક્ષમાં રાખી જ્યાં ગાંધીનગરની કેટલીક કોન્વેન્ટ સ્કૂલોએ સોમવારે પરીક્ષા યોજી બાળકોની મજા બગાડી હતી ત્યાં ઓમ લેન્ડમાર્ક સ્કૂલે આ લોક તહેવાર પ્રત્યે સકારાત્મક વલણ અપનાવતા શાળામાં જ પતંગોત્સવનું આયોજન કર્યું હતું. બાળકોએ આ પતંગોત્સવમાં ઉડાડેલા પતંગોથી શાળા કેમ્પસનું આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. અને બાળકોના ‘એ...કાઈપો છે...’ અને ‘લપેટ...લપેટ...’ના અવાજોથી વાતાવરણ ગજવી મુક્યું હતું. આ દિવસે પ્રાર્થના દરમ્યાન જ ઉત્તરાયણના મહત્વની સાથે જિવનમાં ઉત્સવનું મહત્વ પણ બાળકોને સમજાવાયું હતું તેમજ ઉત્સવ દરમ્યાન શિક્ષકોની સાથે શેરડી, બોર, તલસાંકળી અને ચીકીની લિજ્જત માણી હતી.

તાજેતરમાં જ રાંધેજા ખાતે યોજાયેલ ‘પ્રતિભા શોધ સ્પર્ધામાં આ શાળાના બાળકોએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આ સ્પર્ધામાં યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં કુ. હેલી પટેલ અને કુ. કિંના મકવાણા, એક પાત્રિય અભિનયમાં કુ. આસ્થા પટેલ પ્રથમ ક્રમે વિજયી બન્યા હતા. આ ઉપરાંત લગ્નગીત સ્પર્ધામાં કુ. અર્ચના માલીવાડે દ્વિતિય અને વક્તૃત્વ સ્પર્ધામાં કુ. જાનકી ભાવસારે તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૫.૫૮

તાપમાન

મહત્તમ : ૨૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૦૦, ૬.૦૦
ટાઈમપાસ (મરાઠી) : ૩.૦૦
શોલે -૩ડી : ૯.૦૦
: સ્ક્રીન-૨ :
દેશ ઈશ્કિયા : ૧૦.૧૫, ૪.૧૫,૧૦.૧૫
યારીયા : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૧૫, ૯.૪૫
યારીયાઃ ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
યારીયા : ૯.૧૫, ૩.૩૦, ૪.૧૦.૦૦
જિલ્લા (તમિલ) : ૧૨.૦૦ ● વિરામ(તમિલ) : ૬.૩૦

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ :૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
દેઢ ઈશ્કીયા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૦.૦૦
દેઢ ઈશ્કીયા : ૨.૦૦ ૧૦.૦૦ ● યારીયા : ૭.૩૦

વિરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

યરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

વૃષભ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

મિથુન : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

કર્ક : પ્રયત્નોથી લાભ થશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

સિંહ : જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

કન્યા : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે.

તુલા : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

વૃશ્ચિક : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

ધન : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

મકર : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

કુંભ : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

મીન : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. હંસાબેન કરણસિંહ ડાભી(ઉ.વ. ૬૪) પ્લોટ નં. ૨૫૯/૨,સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. મંગૂબેન ભીલાજી ઠાકોર(ઉ.વ. ૯૫) મુ.પો. મગોડી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મહેન્દ્રભાઈ ધીરજભાઈ સોલંકી(ઉ.વ. ૬૪) પ્લોટ નં. ૪૮૭/૧ ,સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ.નીતિનકુમાર રામુભાઈ પટેલ(ઉ.વ. ૪૬) ૩૫, વૃંદાવન પાર્ક સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.